**નવરચિત જિલ્લામાં તા.૧/૮/૨૦૧૪થી કાર્યરત થયેલ જિલ્લા તિજોરી કચેરીઓ ખાતેથી માહે ઓગષ્ટ– ૨૦૧૪ થી પેન્શનનું ચૂકવણુ શરૂ કરવા બાબત**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજય
"વિમા અને લેખા ભવન" બ્લોક નં.–૧૭,ડો .જીવરાજમહેતા ભવન,
સેકટર–૧૦બી. ,ગાંધીનગર–૩૮૨૦૧૦
નં.:–હિતિનિ/ટી.સી./ફા.૧૩૧/૬૦૦૩/જનરલ/૪૩૩૩-૭૨
તા.૮/૮/૨૦૧૪

**પરિપત્રઃ નં.૨૨../૨૦૧૪**

રાજયના નવરચિત ૭ (સાત) જિલ્લાઓ ખાતે તા.૧/૮/૨૦૧૪ થી જિલ્લા તિજોરી કચેરીઓ કાર્યરત થયેલ છે. અત્રેની કચેરી દ્વારા તા.૨૭/૫/૨૦૧૪ના પત્ર નં. હિતિનિ/ટીસી/ફા.૧૩૧/જનરલ/૨૯૧૭–૪૨ થી જિલ્લા તિજોરી કચેરીઓ કાર્યાન્વિત કરવા અંગેની આનુષાંગિક સુચનાઓ સંબંધકર્તા શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીઓને આપવામાં આવેલ છે. નવરચિત ૭ (સાત) જિલ્લાઓમાં જિલ્લા તિજોરી કચેરીઓને પેન્શનરોનું તબદીલ કરવાપાત્ર થતું તમામ રેકર્ડ અદ્યતન કરી તાત્કાલિક તબદીલ કરવા નીચે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

- તબદીલ કરવાપાત્ર થતાં પેન્શનર્સના તમામ **રેકર્ડની તબદીલીની કાર્યવાહી તા.૧૬/૮/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.**તદઉપરાંત સદર તમામ રેકર્ડ IFMS અંતર્ગત Online તબદીલી અંગે ઈડીપીના પરામર્શમાં કાર્યવાહી કરવાની રહેશે.
- માહે ઓગષ્ટ–૨૦૧૪નું પેન્શન નવરચિત જિલ્લા તિજોરી કચેરી ખાતેથી ચૂકવવાનું રહેશે.
- નવરચિત જિલ્લા તિજોરી કચેરીના જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓએ પોતાના સંબંધકર્તા જિલ્લા પાસેથી પોતાના જિલ્લાના સંબંધિત પેન્શનરોનું સંપૂર્ણ રેકર્ડ મેળવી લેવાની તકેદારી રાખવાની રહેશે.
- તબદીલ થતા પેન્શનરો પૈકી હયાતીની ખાતરી કરવાની બાકી હોય તેવા પેન્શનરોની અલગ યાદી તૈયાર કરી નવરચિત જિલ્લા તિજોરી કચેરીને આપવાની રહેશે.
- નવરચિત જિલ્લા તિજોરી કચેરી ખાતે ઉકત યાદી ચકાસી, હયાતીની ખાતરી કરી પેન્શનનું ચૂકવણુ કરવા અંગે ઘટિત કાર્યવાહી કરવાની રહેશે.
- તબદીલપાત્ર તમામ પેન્શનર્સ ની જુના જિલ્લાની Events / ચૂકવણાની તમામ નોંધ અદ્યતન રીતે લેજર/TR-36 પી.પી.ઓ.માં કર્યા બાદ જ તબદીલી કરવાની રહેશે અને નવા જિલ્લામાં તબદીલ થયેલ પેન્શનરોના કિસ્સામાં શરૂ થતા ચૂકવણાની નોંધ લેજર/TR-36 પી.પી.ઓ.માં કરવાની રહેશે.
- રીવાઈઝડ પેન્શનની તમામ Unpaid ઓથોરીટીઓની હાર્ડ કોપી તથા IFMS અંતર્ગત Online પણ તબદીલ કરવાની રહેશે.

- રીવાઈઝડ પેન્શનના બાકી હકક દાવાઓ / એરીયર્સ બીલ / બાકી મેડીકલ બીલ હાલની તિજોરી કચેરી ખાતે ચૂકવણી કર્યા બાદ નવા જિલ્લામાં તબદીલ કરવાના રહેશે.
- **<u>પ્રથમ ચૂકવણુ નથી થયું તેવા પડતર પી.પી.ઓ.નું</u>** હાલની તિજોરીએ પ્રથમ માસનું ચૂકવણુ કર્યા બાદ જ નવા જિલ્લામાં કેસ તબદીલ કરવાનો રહેશે.

ઉકત કાર્યવાહી પૂર્ણ થયે તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

નિયામક

પ્રતિ,
(૧)શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી , જિલ્લા તિજોરી કચેરી........... (તમામ)
(૨) તિજોરી અધિકારીશ્રી , પેન્શન ચુકવણા કચેરી, અમદાવાદ / ગાંધીનગર

**નકલ રવાનાઃ**

(૩)નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
(૪) સંયુકત નિયામકશ્રી, ઈડીપી સેલ,હિતિનિ કચેરી, ગાંધીનગર
(૫)નાયબ નિયામકશ્રી (વહીવટ),હિતિનિ કચેરી, ગાંધીનગર
(૬)નિધી નિરિક્ષણ અધિકારીશ્રી,(પેન્શન),નિધી નિરિક્ષણ શાખા, હિતિનિ કચેરી, ગાંધીનગર
(૭)અધિક્ષકશ્રી, ટેબલ નં.૨, તિજોરી નિયંત્રણ શાખા, હિતિનિ કચેરી, ગાંધીનગર
(૮) સીલેકટ ફાઈલ